

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 51,(SURAT), DATE-11/06/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૫૧, (સુરત), તા.૧૧/૦૬/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલઘરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 મંત્રી કુંવરજીભાઈ હળપતિ અને સાંસદ પ્રભુભાઈ વસાવાએ પુષ્પાંજલિ અર્પણ કરી

3 વાપીના છીરીમાં લેબર કોન્ટ્રાક્ટરના ફ્લેટમાંથી ૧૪ કિલો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો

4 'સન્માન સમારંભ' કાર્યક્રમ માટે આયોજનની મિટિંગ તા. ૦૮ જૂન ૨૦૨૫ રવિવાર સિનિયર સિટીઝન હોલ રંગ ઉપવન સોનગઢ ખાતે સંપન્ન થઈ


## એક ભારત, શ્રેષ્ઠ ભારત વિઝનની ઉજવણીના ભાગરૂપે

# તા. ૧૨ મી એ બારડોલી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ખેડૂત સંમેલન અને વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન'નો સમાપન સમારોહ યોજાશે

### જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને કાર્યક્રમના સુચારૂ આયોજન અર્થે બેઠક મળી

**સુરત-** 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' વિઝનની ઉજવણી અનુસંધાને સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિ નિમિત્તે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આગામી તા. ૧૨ મી જૂનના રોજ સવારે ૧૦.૩૦ વાગે બારડોલી તાલુકાના સાંકરી બી. એ. પી. એસ. સ્વામિનારાયણ મંદિર સંકુલ ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને એક દિવસીય ખેડૂત સંમેલન અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા આયોજિત 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન'નો સમાપન સમારોહ યોજાશે.

આ પ્રસંગે કૃષિમંત્રી, સાંસદ સહિતના અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. જેના આયોજન અર્થે કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ કાર્યક્રમના સુચારૂ આયોજન અંગે સંબંધિત વિભાગના



અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. બારડોલી ખેડૂત સંમેલનમાં આવનાર ખેડૂતોને સરદાર ૫ ટેલના વિઝનરી વ્યકિતત્વ અને ખેડૂત સત્યાગ્રહ વિશે માહિતગાર કરવા, ખરીફ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન, નફાકારક પ્રાકૃતિક કૃષિ, ટકાઉ ખેતી, સોઈલ હેલ્થ કાર્ડના લાભ, નેનો ફર્ટીલાઈઝર યુરિયા અને નેનો ડીએપ ના ઉપયોગ તેમજ આધુનિક બિયારણ અંગે ખેડૂતોને માહિતગાર કરાશે. આ ઉપ રાંત ખેતીવાડી, બાગાયત, પશુપાલનની ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ વિષે પરિસંવાદ તેમજ ૨૦ કૃષિ પ્રદર્શન સ્ટોલ ઉભા કરી ખેડૂતોને કૃષિલક્ષી માર્ગદર્શન અપાશે. આ સંમેલનમાં દક્ષિણ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિત અન્ય જિલ્લાના ખેડૂતો પણ જોડાશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી તથા અન્ય મહાનુભાવોના હસ્તે યોજનાઓના મંજૂરીપત્રો, કૃષિ કિટ્સ, સન્માનપત્રો, સહાય હુકમોનું વિતરણ કરવામાં આવશે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, નિવાસી અધિક કલેક્ટર વિજય રબારી, જિલ્લા ખેતીવાડી અધિકારી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પર્યાવરણ જતનના સંકલ્પ અને જીવનલક્ષી શિક્ષણ સાથે શાંતારામ ભટ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ મોતાના નાના ભૂલકાઓનો પ્રવેશોત્સવ





શ્રી મોતા કેળવણી મંડળ સંચાલિત શ્રી શાંતારામ ભટ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ મોતામાં નર્સરીના બાળકો માટે અનોખો પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો તારીખ ૫ /૬ /૨૫ ને ગુરુવારના રોજ નર્સરીના બાળકોના વધામણા માટે સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાના બાળકોનું સ્વાગત કુમકુમ તિલક અને વિશિષ્ટ ભેટ અર્પણ કરી કરવામાં આવ્યું હતું.

શિક્ષણની સાથે સંસ્કારની કેળવણી ઘડતર આપતી આ શાળામાં નાના નાના ભૂલકાઓએ ગાયત્રી મંત્ર અને ઓમ ની અનેરી રંગ પૂરણી દ્વારા વિદ્યા આરંભની શરૂઆત કરી હતી. નર્સરીના શિક્ષકોએ બાળકોને મજા પડે તે માટે સરસ મજાના વેલકમ ગીત રજૂ કર્યા હતા. આ અવસરે શાળાના આચાર્યશ્રી દીપિકાબેન પટેલે આધુનિક સમયમાં શિક્ષણ સાથે સંસ્કાર ઘડતરની કેળવણી પર ભાર મૂકી નાના બાળકોને વધાવ્યા હતા.અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શાળા દ્વારા પર્યાવરણનું સંરક્ષણ અને સંવર્ધનના શુભ સંકલ્પ માટે પર્યાવરણ દિન નિમિત્તે નર્સરીના વાલીઓને વૃક્ષના રોપાઓ એનાયત કરવામાં આવ્યા હતા અને સ્વચ્છ પર્યાવરણ ની હાકલ કરવામાં આવી હતી.

ખરેખર આજનો દિવસ અને શાળાનું પર્યાવરણ બાળકોના આગમનથી પુલકિત બની ચૂક્યું હતું . આ અવસરે શાળાના ટ્રસ્ટી ગણ અને મોતા કેળવણી મંડળના સર્વ સદસ્યોએ આચાર્યશ્રી શિક્ષકો અને બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

## સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા કેન્દ્રની મોદી સરકારના ૧૧ વર્ષના શાસન પૂરા થતા બારડોલી ખાતે કાર્યશાળા યોજાઈ

**બારડોલી-** સંકલ્પથી સિદ્ધિ સુધી મોદી સરકારના વિકસિત ભારતના અમૃતકાળના ૧૧ વર્ષ પૂરા થતા. જે અંતર્ગત સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ ની અધ્યક્ષતામાં બારડોલી લેઉવા પાટીદાર સમાજની વાડી ખાતે કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે પ્રદેશ ઇન્ચાર્જ અને પ્રદેશ કિશન મોરચાના પ્રમુખ હિતેશભાઈ પટેલ, ઉપસ્થિત રહ્યા હતા.જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું.કે.વિકસિત ભારત અંતર્ગત

મોદી સરકાર દ્વારા છેલ્લા ૧૧ વર્ષમાં લોકો માટે લાગુ કરાયેલી યોજનાઓ વિશે માહિતી આપી હતી.ત્યાર બાદ આ કાર્યશાળાના મુખ્ય વક્તા હિતેશ ભાઈ પટેલે જણાવ્યું હતું.કે. દેશના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આગેવાનીમાં ભારત દેશે વૈશ્વિક સિદ્ધિ હાંસલ કરી છે.

વધુમાં તેમણે ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું. કે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ભારતીય સેના દ્વારા અપ્રિતમ સાહસ અને શૌર્યનો પરિચય આપતા કેવી રીતે કોઈ પણ સામાન્ય નાગરિકોને હાનિ પહોંચાડ્યા વગર આતંકીઓને અને તેમના આકાઓને કલ્પનાથી પણ પરે સજા આપી હતી અને તેમના નવ જેટલા બેઝ નાશ કર્યા હતા અને આતંકીઓનો ખાતમો કર્યો હતો. તેમણે જુદી જુદી યોજનાનો ઉલ્લેખ કરતાં વૃક્ષારોપણ યોજના, પર્યાવરણ લક્ષી યોજનાનો, જળસંચય યોજનાઓ, વય વંદના યોજના, આયુષ્યમાન કાર્ડ યોજના તથા વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી.તેમજ





આગામી દિવસોમાં પાર્ટી દ્વારા યોજવામાં આવનાર વિવિધ કાર્યક્રમો વિશે પણ માહિતી આપી હતી. સાથે તેમણે વિકસિત ભારત સંકલ્પ સભાના અંતર્ગત કરવામાં આવનાર કામોનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખશ્રી ભરતભાઈ રાઠોડ મહામંત્રીશ્રીઓ જીગરભાઈ નાયક, રાજેશભાઈ પટેલ, કિશનભાઇ પટેલ ,તથા પ્રદેશ સહ સંયોજક વન નેશન વન ઇલેક્શન જગદીશ ભાઈ પારેખ, કાર્યક્રમના જીલ્લા સંયોજક/સહ સંયોજક કિશનભાઇ પટેલ, મોહનભાઇ આહિર, કમલેશભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, જીલ્લા ઉપપ્રમુખશ્રીઓ કેતનભાઇ પટેલ, અશોકભાઇ રાઠોડ, જીલ્લા પંચાયત માજી.પ્રમુખશ્રી ભાવેશભાઈ પટેલ, મંડળના પ્રમુખશ્રી/મહામંત્રીશ્રીઓ અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

આ કાર્યશાળા નું સંચાલન મહામંત્રી શ્રી જીગરભાઈ નાયકે કર્યું હતું. જયારે આભાર વિધિ મહામંત્રી શ્રી રાજેશ ભાઈ પટેલે કરી હતી.






## હરિયાણાના મહંત બાબા ચંચલનાથ ગુજરાત પ્રવાસેઃબારડોલીમાં કિન્નર સમાજના પ્રમુખના નિવાસસ્થાને રોકાણ, ગૌ માતાની રક્ષા માટે કરી હાકલ

બારડોલી- હરિયાણાના પ્રસિદ્ધ સંત બાબા ચંચલનાથ ગુજરાતના પ્રવાસે આવ્યા છે. તેઓ રાજયના વિવિધ જિલ્લાઓની મુલાકાત લેશે. આ પ્રવાસ દરમિયાન તેઓ દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં પધાર્યા છે. બાબા ચંચલનાથે બારડોલીની મુલાકાત લીધી છે. તેઓ બારડોલી ખાતે કિન્નર સમાજના પ્રમુખ પુનમકુવરના નિવાસસ્થાને રોકાણ કરી રહ્યા છે. આ દરમિયાન તેમણે સનાતન ધર્મની રક્ષા અને વિશ્વમાં શાંતિની સ્થાપના માટે પ્રાર્થના કરી. બાબા ચંચલનાથે ગૌ માતાની રક્ષા માટે વિશેષ આહ્વાન કર્યું છે. તેમણે દરેક ઘરમાં એક ગૌ માતાને રાખવાની અપીલ કરી છે. આ સાથે તેમણે ગૌ માતાની સેવા અને સંરક્ષણનું મહત્વ સમજાવ્યું છે.





**હરિયાણાના મહંત ચંચલનાથ માતાજી ગુજરાતના પ્રવાસે, અઘોર ઉપાસક માતાજી નુ બારડોલી નગરમાં રોકાણ. બારડોલી મા અનેક રાજકીય અને સામાજિક સહકારી આગેવાનો ના ઘરે પાવન પધરામણી કરી આશીર્વાદ આપ્યા**




Congratulation

**સામાજિક શૈક્ષણિક અને રાજકીય અગ્રણી માર્ગદર્શક શ્રી અજીતસિંહ સૂરમા બાપુની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તપાસ સમિતિના સભ્ય તરીકે નિમણૂક થવા બદલ ખુબ ખુબ અભિનંદન....!!! અને શુભેચ્છા....!!!**

**શ્રી અજીતસિંહ સૂરમા બાપુ**

શુભેચ્છક-

**ગુજરાત આત્મીયતા**



Date-11/06/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### તાપી જિલ્લામાં પોષણ સંગમ કાર્યક્રમનો શુભારંભ

## કુપોષિત બાળકો માટે અસરકારક ઉપચારની નવી દિશા




**તાપી-**તાપી જિલ્લામાં જોઇન્ટ ડિરેક્ટરશ્રી, અવંતિકા દરજીના અધ્યક્ષ સ્થાને તેમજ આસીસ્ટન્ટ ડિરેક્ટરશ્રી નયના પારધીની ઉપસ્થિતિ માં પોષણ સંગમ કાર્યક્રમ શુભારંભ કાર્યક્રમ અને અમલીકરણ વર્કશોપનું આયોજન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વ્યારા ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે જોઇન્ટ ડિરેક્ટરશ્રી દ્વારા પોષણ સંગમ કાર્યક્રમના સુચારુ અમલીકરણ બાબતે યોગ્ય માર્ગદર્શન તેમજ પોષણ સંગમ એપ્લીકેશન વિશે સમજ આપવામાં આવી હતી. સાથે કુપોષણ દુર કરવા માટેના જરૂરી પગલા માટેની ચર્ચા કરવામાં આવી હતી. પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા અત્રેના જિલ્લાની પોષણ સ્તર અને આઇ.સી.ડી.એસ.ની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

ઉપસ્થિત વર્કર બહેનો દ્વારા C-MAM કાર્યક્રમ અંતર્ગત ૧૦ પગલાની સારવાર પદ્ધતિ અંગેની સમજ તેમજ THR માંથી બનતી વિવિધ વાનગીઓનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

નોધનીય છે કે, સામન્ય બાળકો કરતા અતી ગંભીર કુપોષિત બાળકોની મૃત્યુ પામવાની શક્યતા ૯ ગણી વધારે હોય છે. જે આ કાર્યક્રમ દ્વારા અતિગંભીર બાળકોની ઓળખ અને સારવાર કરી કુપોષણના ચક્રમાંથી બાહાર લાવવાના હેતુસર પોષણ સંગમનો શુભારંભ કરવામાં આવ્યો આવ્યો છે. આ કાર્યક્રમમાં તાપી જિલ્લાના QAMO કે.ટી. ચૌધરી, સીડીપી ઓબહેનો, વર્કર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## વ્યારામાં ૪ લાખના ખર્ચે ભગવા ધ્વજ સાથે ૪૮ ફૂટનો સ્થભં બનશે



વ્યારા- વ્યારા નગરના કાનપુરા વિસ્તારમાં રામજી મંદિર આવેલું છે જ્યાં સ્થાનિકો દ્વારા શ્રીરામ ચોક માટે અવારનવાર રજૂઆત વ્યારા નગરપાલિકામાં કરી હતી જેને લઈને પાલિકાએ મંજૂરી આપતા શ્રી રામજી મંદિરના પટાંગણ માં શ્રીરામ ચોક નો ખાતમુહૂર્ત સ્થાનિક આગેવાન મહેશભાઈ આઈ પટેલ (દાજી) અને વ્યારા નગરપાલિકાના પ્રમુખ રીતેશભાઈ ઉપાધ્યાય સહિત આગેવાનોના હસ્તે કરવામાં આવ્યું હતું.

વ્યારા નગરના મધ્યમાં પૌરાણિક આસ્થા અને શ્રદ્ધા નું કેન્દ્ર ગણતા શ્રીરામજી મંદિર આવ્યું છે. જ્યાં સ્થાનિકો અને ભાવિક ભક્તો દ્વારા શ્રીરામ ચોક નુંનિર્માણ કરવાની રજૂઆત ને પગલે મંજૂરી મળી હતી. શ્રી રામજી મંદિરના પટાંગણ માં શ્રીરામ ચોક નો ખાતમુહૂર્ત મહેશભાઈ આઈ પટેલ (દાજી) સહિત અન્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ ચોકમાં ૪૮ ફૂટ ઊંચો ભગવાન ધ્વજનો સ્થભ સ્થાપિત કરવામાં આવશે જેનો અંદાજિત ૪,૦૦,૦૦૦ થી વધુના ખર્ચે આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ સ્થાનિક વોર્ડ સભ્યો અને ભાજપ આગેવાનો સહિત કાનપુરા ના યુવા આગેવાન બંટી રાણા અને ટીમ દ્વારા સમગ્ર કાર્યકમ નું સંચાલન કર્યું હતું.

## ઉમરગામ તાલુકા માહ્યાવંશી સેવા ટ્રસ્ટ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ




ઉમરગામ: ઉમરગામ તાલુકા માહ્યાવંશી સેવા ટ્રસ્ટ (રજી.નં. એ-૯૮૨-વલસાડ) દ્વારા પ્રાથમિક શાળા, પળગામ, તા.ઉમરગામ ખાતે આજરોજ સાતમી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.માનવસેવાના એક ઉત્તમ પર્યાય તરીકે યોજાયેલી આજની રક્તદાન શિબિરમાં પળગામ ગામનાં નવયુવાનો તથા આસપાસનાં ગામોમાંથી પધારેલા રક્તવીરોએ ઉત્સાહભેર ભાગ લઈ કુલ ૫૦ બોટલ જેટલું રક્ત ભેગું કરવામાં સફળ રહ્યાં. વલસાડ રક્તદાન કેન્દ્રના સહયોગથી યોજાયેલી આજની શિબિરમાં મેડિકલ સ્ટાફ દ્વારા સુંદર સેવા પૂરી પાડવામાં આવી.

આજની રક્તદાન શિબિરમાં રક્તવીરોને જુસ્સો પૂરો પાડવા ટ્રસ્ટનાં આજીવન સભાસદો નવિન મિસ્ત્રી, સુરેન્દ્ર સુરતી ઉપરાંત નવસારીથી સતિષ પટેલ, ઉદવાડાથી અરુણ વજેરીયા, હસમુખ ઉદવાડિયા, અશોક શંકરભાઈ જેવાં માહ્યાવંશી સમાજનાં આગેવાનોએ હાજરી આપી હતી. આજની રક્તદાન શિબિરને સફળ બનાવવા પળગામના નવયુવાનો તારાચંદ માહ્યાવંશી, પ્રકાશ માહ્યાવંશી તથા આગેવાનો ચંદ્રકાંત કાલેકર, મનોજ કાઠેકર, ચિત્તરંજન કાઠેકર ઉપરાંત ટ્રસ્ટના ઉપપ્રમુખ ભરત અઠવાલિયા, મહામંત્રી યોગેશ મારકર, ખજાનચી ઉમેશ મિસ્ત્રી, મંત્રી તથા શિબિરના કન્વિનર પંકજ પુનેટકર, સહમંત્રી રાકેશ હજારે, સમિતિના સભાસદો રૂપેશ માહ્યાવંશી, કિરણ દહેરીકર, નિલેશ મીઠાં, જીગ્નેશ માહ્યાવંશી જેમણે ખડેપગે સેવા આપી આજની રક્તદાન શિબિરને સફળતા તરફ દોરી ગયાં હતાં.

## ભારતને મળશે સ્વદેશી એર ડિફેન્સ સિસ્ટમ, 30 હજાર કરોડ રૂપિયામાં ડીલ થશે



ભારતીય સેના ટૂંક સમયમાં નવી સ્વદેશી એર ડિફેન્સ સિસ્ટમ મળી શકે છે. સૂત્રોના જણાવ્યાનુસાર, રક્ષા મંત્રાલય ચીન અને પાકિસ્તાન સરહદ પર તેહનાત કરવા માટે ક્વિક રિએક્શન સરફેસ ટુ એર મિસાઇલ સિસ્ટમ ની ત્રણ રેજિમેન્ટ ખરીદવાનું વિચારી રહ્યું છે. આ ડીલ 30 હજાર કરોડ રૂપિયાનો હશે.

ક્વિક રિએક્શન સરફેસ-ટુ-એર મિસાઇલ સેનાના એર ડિફેન્સ સિસ્ટમ સમાવવામાં આવશે. આ મિસાઇલ સિસ્ટમ ખાસ કરીને પશ્ચિમ અને ઉત્તરીય સરહદો પર તહેનાત કરાશે. જૂનના ચોથા અઠવાડિયામાં રક્ષા મંત્રાલયની એક બેઠક યોજાવાની છે, જેમાં આ તેને મંજૂરી મળી શકે છે. આનાથી ભારતની સંરક્ષણ પ્રણાલી વધુ મજબૂત બનશે.

ક્વિક રિએક્શન સરફેસ ટુ એર મિસાઇલ સિસ્ટમ દિવસ અને રાત બંને સમયે કામ કરી શકે છે, તેનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે. આ ડિફેન્સ સિસ્ટમને ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિકસાવવામાં આવી છે. તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય છે.

૨૨ મી એપ્રિલના રોજ પહલગામ આતંકવાદી હુમલા પછી, ભારતે છઠ્ઠી અને સાતમમી મેની રાત્રે પાકિસ્તાનના ૯ આતંકી ઠેકાણાઓનો નાશ કરવા માટે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું. ત્યાર બાદ પાકિસ્તાને ડ્રોન અને મિસાઇલોથી ભારત પર હુમલો કર્યો, પરંતુ ભારતીય સેનાએ તેમને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યા. ભારતીય સેનાની L-૭૦ અને ZU-૨૩ ગન, તેમજ વાયુસેનાની સ્પાઇડર અને S-૪૦૦ સુદર્શન સિસ્ટમોએ મળીને આ હુમલાઓને અટકાવ્યા. ઉલ્લેખનીય છે કે, ભારતીય સેનાને ટૂંક સમયમાં નવી રડાર મશીનો, ટૂંકા અંતરની મિસાઇલો, જેમર અને લેસર સિસ્ટમ મળશે, જેથી તુર્કી અને ચીન જેવા દેશોમાંથી આવતા ડ્રોન ખતરાઓનો સરળતાથી સામનો કરી શકાય.

### માંડવીમાં ભગવાન બિરસા મુંડાને શ્રદ્ધાંજલિઃ

## મંત્રી કુંવરજીભાઈ હળપતિ અને સાંસદ પ્રભુભાઈ વસાવાએ પુષ્પાંજલિ અર્પણ કરી



**બારડોલી-** માંડવીના ધોબણી નાકા ખાતે ભગવાન બિરસા મુંડાની પુણ્યતિથિ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મંત્રી કુંવરજીભાઈ હળપતિ અને સાંસદ પ્રભુભાઈ વસાવાએ બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી.

કાર્યક્રમમાં માંડવી નગરના વિવિધ પદાધિકારીઓએ હાજરી આપી. આમાં નગર પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ, મહામંત્રી શાલિનભાઈ શાહ અને વિજયભાઈ પટેલ સામેલ હતા. તાલુકા પ્રમુખ અનિલભાઇ ચૌધરી, નગરપાલિકા પ્રમુખ નિમેષભાઈ શાહ અને કારોબારી અધ્યક્ષ કિરીટભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા.

તાલુકા પંચાયત પ્રમુખ દિલીપભાઈ ચૌધરી અને સરપંચ એસોસિએશન પ્રમુખ કમલેશભાઈ ચૌધરીએ પણ કાર્યક્રમમાં ભાગ લીધો. સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા સભ્યો, મોરચાના હોદ્દેદારો, બૂથ પ્રમુખો, શક્તિકેન્દ્રના સંયોજકો અને સોશિયલ આઇટીના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા.

**કાર્યક્રમમાં માંડવી નગરના વિવિધ પદાધિકારીઓએ હાજરી આપી. આમાં નગર પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ, મહામંત્રી શાલિનભાઈ શાહ અને વિજયભાઈ પટેલ સામેલ હતા.**

## મોદીએ ૧૧ વર્ષમાં ૨૫ કરોડને ગરીબીમાંથી ઉગાર્યા, નવા યુગની શરૂઆત : જેપી નડ્ડા



નવી દિલ્હી : કેન્દ્રમાં ભાજપની નરેન્દ્ર મોદી સરકારને ૧૧ વર્ષ પૂર્ણ થઇ ગયા છે. જેને પગલે ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડાએ કેન્દ્ર સરકારની સિદ્ધીઓને વર્ણવી હતી. દિલ્હીમાં પક્ષના હેડ ક્વાર્ટર પર આયોજિત પ્રેસ કોન્ફરંસમાં નડ્ડાએ મોદી સરકારની ૧૧ વર્ષની સિદ્ધીઓ ગણાવી હતી. સાથે તેના વખાણ પણ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની રાજકીય સંસ્કૃતિને બદલીને એક નવા યુગની શરૂઆત કરી છે. નડ્ડાએ કહ્યું હતું કે મોદી સરકારે માત્ર ગરીબી હટાવોનો નારો નથી આપ્યો તેને ખરેખર હટાવીને દેખાડ્યું છે. નડ્ડાએ કહ્યું હતું કે આ નવા રાજકીય યુગમાં તૃષ્ટિકરણનું સ્થાન જવાબદારી, પારદર્શિતા અને વિકાસે લીધુ છે. વર્તમાન સરકાર મજબૂત નિર્ણયો લેનારી અને આર્થિક અનુશાસન લાવનારી સરકાર છે. ૧૧ વર્ષ પહેલા દેશ તૃષ્ટિકરણનું રાજકારણ જોઇ રહ્યું હતું, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વએ તેમાં ફેરફાર કર્યા અને રિપોર્ટ કાર્ડનું રાજકારણ શરૂ કર્યું. મોદી સરકારે ન્યૂ નોર્મલ અને ન્યૂ વ્યવસ્થા (ઓર્ડર) સ્થાપિત કર્યું છે. આ એક એવી સરકાર છે કે જે ભવિષ્યને જોઇને ચાલે છે. અગાઉની સરકારો ભ્રષ્ટાચારમાં ડુબેલી રહી અને તૃષ્ટિકરણમાં વિશ્વાસ રાખતી હતી.

ભાજપ અધ્યક્ષે દાવો કર્યો હતો કે આજે ભારતનો આમ નાગરિક માનવા લાગ્યો છે કે મોદી હૈ તો મુમકિન હૈ (મોદી છે તો શક્ય છે), સરકારની ત્રણ મુખ્ય સિદ્ધીઓ વિકાસ, આવિષ્કાર અને ઇનોવેશન પર ભાર મુકતા નડ્ડાએ કહ્યું હતું કે વર્તમાન સરકારની નીતિઓમાં પરફોર્મ, રિફોર્મ અને ટ્રાન્સફોર્મનો મંત્ર જોવા મળે છે. આ સરકારે સૌનો સાથ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસના સિદ્ધાંતને અપનાવ્યો છે. કેન્દ્ર સરકાર ઐતિહાસિક નિર્ણયો જેમ કે આર્ટિકલ ૩૭૦, ટ્રિપલ તલાકને યાદ કર્યા હતા.

## નવસારીના દંપતી સાથે અમદાવાદના ટ્રાવેલ એજન્ટની રૂપિયા ૨૩.૪૬ લાખની છેતરપિંડી



નવસારી- નવસારી-વિજલપોર શિવનગરમાં રહેતા સોહન મોકડકરે ટાઉન પોલીસમાં ફરિયાદ આપતા જણાવ્યું કે તેઓએ વર્ષ-૨૦૨૩માં તેમના મિત્ર યુકે રહેતા હોય તેમને કઈ ટ્રાવેલ એજન્સી દ્વારા યુકે ગયા એમ પૂછતા તેઓએ અમદાવાદના એજન્ટ વિરાજ રમેશ પટેલની રિકવરી ટુરિઝમ એન્ડ ઓવરસીઝ કન્સલ્ટન્ટ નામની એજન્સીનું નામ આપ્યું હતું. તેઓ અમુક ફી લઈ વિદેશ મોકલતા હોવાનું જાણ થતા તેઓ પત્ની સાથે અમદાવાદ ગયા અને સોહનભાઈ તેમની પત્નીને યુકેમાં નોકરી કરવા અને સેટલ થવાનું જણાવ્યું હતું. સોહનનું એજયુકેશન ઓછું હોય તેના બદલે તેમની પત્નીને યુકે જવાનું જણાવ્યું અને ત્યાં સેટલ થયા બાદ નોકરી મળશે તેવી લોભામણી વાતો કરી હતી અને વિદેશ જવાનો ખર્ચ રૂ.૨૫ થી 30 લાખ થશે તેમ જણાવી ડોક્યુમેન્ટ માટે કાગળો મંગાવ્યા હતા.

વિદેશ જવા ઘરને મોર્ગેજ કરી રૂ. ૨૦ લાખની લોન લીધી હતી. એજન્ટ વિરાજ પટેલે નાણાં મંગાવતા બે વર્ષમાં રૂ. ૨૯.૯૯ લાખ જમા કરાવ્યા હતા, ત્યારબાદ એક કંપનીનું લેટર પેડ સ્પોન્સર તરીકે નવસારી મોકલ્યું હતું, ત્યારબાદ સોહનની પત્નીએ ઘરબેઠા યુકે એમ્બેસીમાં ઇન્ટરવ્યૂ આપ્યું હતું. ખોટા અને અધુરી તાલીમ આપી હોય પત્ની ઈન્ટરવ્યૂમાં ફેલ થઈ હતી. તેઓએ એજન્ટ પાસે નાણાં પરત માંગ્યા હતા પણ વિરાજ પટેલ દ્વારા નાણાં આપવાનો નથી તેમ જણાવતા તેઓએ યુકે એમ્બેસીમાં ઇ-મેઇલ કરતા માત્ર વિરાજે મળવાપાત્ર આઈએચએસફી રૂ.૬.૫૩ લાખ રૂપિયા ખાતામાં જમા કરાવ્યા ત્યારબાદ બીજા નાણા રૂ.૨૩.૪૬ લાખ ન આપતા વારંવાર માંગ કરવા છતાં નહીં આપતા ટાઉન પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે અમદાવાદના એજન્ટ વિરાજ પટેલની અટક કરી કાર્યવાહી હાથ ધરી છે.

### સુરત સિટી બસ ડેપોમાં તમાકુ નિયંત્રણ અભિયાન


## એસટી કર્મચારીઓ અને મુસાફરોને તમાકુથી થતા નુકસાન અંગે માહિતી અપાઈ



ઓલપાડ- સુરત જિલ્લા ટોબેકો કંટ્રોલ સેલે સિટી બસ ડેપો ખાતે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત જનજાગૃતિ ઝુંબેશનું આયોજન કર્યું હતું. જિલ્લા આરોગ્ય શાખાના નિષ્ણાતોએ એસટી કર્મચારીઓ અને મુસાફરોને તમાકુના સેવનથી થતા નુકસાન અને રોગો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

તજજ્ઞોએ તમાકુનું સેવન ટાળવા અને શારીરિક-માનસિક સ્વાસ્થ્યની યોગ્ય કાળજી રાખવા માટે હાજર રહેલા લોકોને અપીલ કરી હતી. કાર્યક્રમમાં જિલ્લા આરોગ્ય શાખાના ઇન્ફેક્શન સ્પેશિયાલિસ્ટ ડો. પરેશ સુરતી, ટોબેકો સેલના મુકેશ શ્રીવાસ્તવ, ડેપો મેનેજર મનોજ ચૌધરી અને એમપીએચએસના નિલેશ લાડ ઉપસ્થિત રહ્યા હતા. આ જાગૃતિ અભિયાનમાં મોટી સંખ્યામાં એસટી કર્મચારીઓ અને મુસાફરોએ ભાગ લીધો હતો.

## રેશનકાર્ડ ધારકોના e-kyc કરાવવા માટે જિલ્લા પુરવઠા અધિકારીશ્રી દ્વારા અનુરોધ



**તાપી-** તાપી જિલ્લામાં એ ન .એ ફ .એ સ .એ . લાભાર્થીઓની તમામ તાલુકાઓમાં મળીને કુલ ૯૩.૭૮ % સફળ e-kyc થયેલ છે. આપણા જીલ્લામાં આ પ્રક્રિયા ૧૦૦% થાય તેના માટે તાપી જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની કચેરી દ્વારા તમામ રેશનકાર્ડ ધારકોને એક અપીલ કરવામાં આવી છે. રેશનકાર્ડમાં નામ ધરાવતા હોય અને સરકારી અનાજ મેળવતા તમામ નાગરિકોનું e-kyc કરવાની કામગીરી હાલમાં કરવામાં આવી રહી છે. તાપી જિલ્લાના નાગરિકો ગ્રામ પંચાયત ખાતે વી.સી.ઇ, સ્થાનિક પોસ્ટ વિભાગના કર્મચારી, મામલતદાર કચેરી ખાતે પોતાનું e-kyc કરાવી શકે છે તથા સરકારી અનાજ મેળવતાં કોઇપણ લાભાર્થી ગામના વાજબી ભાવની દુકાનનાં ભંડાર પર જઈને પોતાનું e-kyc કરાવી શકે છે. આ ઉપરાંત નાગરિકો ઘરે બેઠા સેલ્ફ ઇ-કેવાયસી દ્વારા પણ કરી શકે છે. જે નાગરિકોને પોતાનું e-kyc કરવાનું બાકી છે તેઓ વહેલી તકે e-kyc કરાવી પોતાનો જથ્થો વાજબી ભાવની દુકાનેથી મેળવી શકે છે.

ઉપરોક્ત જગ્યાઓ પર e-kyc ની કામગીરી ચાલુ છે અને જે લોકોએ e-kyc કરાવેલ છે તેમને અનાજનો જથ્થો વિતરણ કરવામાં આવે જ છે. જે રેશનકાર્ડધારકોનું e-kyc બાકી છે તેઓને સત્વરે e-kyc કરાવી લેવા જિલ્લા પુરવઠા અધિકારી તાપી દ્વારા સુચન કરવામાં આવે છે.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદો-૨૦૧૩ હેઠળ માહે મે-૨૦૨૫ તથા જૂન-૨૦૨૫ માસનું અનાજનું વિતરણ તા.૩૧/૦૫/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવા જણાવવામાં આવેલ હતું. હાલ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદો-૨૦૧૩ હેઠળ સમાવેશ તમામ લાભાર્થીઓના હિતમાં માહે જૂન-૨૦૨૫ માસના અનાજ વિતરણની મુદતમાં વધારો કરીને ૦૫ જૂન ૨૦૨૫ સુધી લંબાવેલ છે. જેથી તમામ એન.એફ.એસ.એ લાભાર્થીઓને તા. ૦૫ જૂન ૨૦૨૫ સુધી માહે જૂન-૨૦૨૫ માટે યોજનાનો લાભમેળવી લેવા અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### તમામ ચેતવણીઓ અને સંકેતો છતાંય તમાકુની લત લોકોને પોતાના સકંજામાં લઇ રહી છે

તમામ ચેતવણીઓ અને સંકેતો છતાંય તમાકુની લત લોકોને પોતાના સકંજામાં લઇ રહી છે. દરેક ઉંમર અને વર્ગના લોકો તેનો શિકાર બની રહ્યાં છે. મોટાભાગના લોકો તો એ જાણતા પણ નથી કે તમાકુમાં કેટલા ઝેરી રસાયણો હોય છે અને તે શરીરમાં જઇને કયા પ્રકારનું નુકસાન પહોચાડે છે

નિકોટિનનો પ્રભાવ તબાકુમાં છૂપાયેલ નિકોટિન અત્યંત ઘાતક અસર કરે છે. આ એક એડિક્ટિવ ડ્રગ એટલે કે વ્યસની બની જવાની દવાની જેમ કામ કરે છે. તેના કારણે જ સિગરેટ પીનારા લોકોને વારંવાર તેની તલબ લાગે છે અને તેમને નોર્મલ મહેસૂસ કરવા તથા પોતાના વ્યવહાર પર નિયંત્રણ કરવા માટે રોજ નિશ્ચિત માત્રામાં નિકોટિન જોઇતું હોય છે. કોઇ સિગરેટ પીનારાને કેટલું નિકોટિન જોઇએ તે એ વાત પર નિર્ભર કરે છે કે તે કેટલી માત્રામાં આ ધૂમાડાને શ્વાસ દ્વારા અંદર લઇ જઇ રહ્યો છે. વળી એ વાતથી પણ કોઇ ફરક નથી પડતો કે સિગરેટ કયા પ્રકારની છે. નિકોટિન ઉપરાંત સિગરેટ પીનાર તેના ધૂમાડામાં રહેલ ૭ હજાર અન્ય કેમિકલ્સને પણ શ્વાસ દ્વારા શરીરમાં પહોચાડી દે છે. તેમાંથી અનેક કેમિકલ તમાકુના પાન બળવાથી પેદા થાય છે. તેમાંથી કેટલાક કેમિકલ શરીરને ગંભીર નુકસાન પહોચાડી શકે છે. એકલા તમાકુના ધૂમાડામાં ૬૦ કેમિકલ એવા છે જેમને કેન્સરકારક કેમિકલ તરીકે ઓળખવામાં આવે છે. નુકસાનદાયક કેમિકલ ટાર આ એક ચિકણુ અને ઘાટા ભૂરા રંગનું કેમિકલ હોય છે જે તમાકુના ધૂમાડાના અનેક કણોથી મળીને બને છે. તેના કારણે દાંત, આંગળીઓના નખ અને ફેફસાના ટિશ્યૂ પર ડાઘ પણ પડી જાય છે. તેના કારણે કેન્સર થઇ શકે છે. કાર્બન મોનોક્સાઇડ ગંધ વિનાની આ ગેસ વધારે માત્રામાં ઘાતક સાબિત થઇ શકે છે કારણ કે તે લોહીમાં રહેલા ઓક્સિજનનું સ્થાન લઇ લે છે. તેના કારણે લોહી જાડુ બની જાય છે અને જયારે શરીરને એક્સરસાઇઝ કે એવી જ કોઇ સ્થિતિમાં વધારે માત્રામાં ઓક્સિજનની જરૂર હોય છે ત્યારે ઓક્સિજન ઓછી માત્રામાં દિમાગ હાર્ટ, માંસપેશીઓ અને અન્ય અંગો સુધી પહોચી શકે છે. હાઇડ્રોજન સાયનાઇડ ફેફસામાં નાની-નાની વાળ જેવી સંરચના હોય છે જે બહારની વસ્તુ (ફોરેન બોડીઝ)ને બહાર કાઢી ફેફસાંની સફાઇ કરતી રહે છે. હાઇડ્રોજન સાયનાઇડ ફેફસાંની સફાઇની આ પ્રક્રિયામાં અવરોધ પેદા કરે છે. તેના કારણે તમાકુના ધૂમાડામાં રહેલ ઝેરી કેમિકલ ફેફસાંની અંદર જમા થવા લાગે છે. તેનાથી ફેફસાંને નુકસાન થવા લાગે છે. ફેફસાને નુકસાન પહોચાડનાર આ ધૂમાડામાં છૂપાયેલા અન્ય કેમિકલમાં હાઇડ્રોકાર્બન્સ, નાઇટ્રસ ઓક્સાઇડ, ઓર્ગેનિક એસિડ્સ, ફિનોલ અને ઓક્સીડાઇર્જિંગ એજન્ટ્સ વગેરે.

ઓક્સિડાઇર્જિંગ કેમિકલ્સ ઝડપી પ્રતિક્રિયા આપનાર કેમિકલ જેમાં ખતરનાક ફ્રી રેડિકલ્સ પણ સામેલ હોય છે. આ હાર્ટના મસલ્સ અને બ્લડ વેસલ્સને નુકસાન પહોચાડે છે. આ કોલેસ્ટ્રોલ સાથે મળીને પણ પ્રતિક્રિયા આપે છે અને આર્ટરીની દવાલો પર ફેટી મટેરિયલ એકત્રિત થવાનું કારણ બને છે, જેના કારણે હાર્ટ ડિસીસ, સ્ટ્રોક અને બ્લડ વેસલ ડિસીસની આશંકા વધી જાય છે. મેટલ્સ એટલે કે ધાતુ. તમાકુના ધૂમાડામાં અનેક ખતરનાક મેટલ્સ હોય છે જે શરીરની સાથે સાથે મગજ પર પણ ખરાબ અસર કરે છે. તેમાં આર્સેનિક, કેડમિયમ અને લેડ વગેરે સામેલ છે. આ કેન્સરનું કારણ હોય છે. રેડિયોએક્ટિવ કમ્પાઉન્ડ તમાકુના ધૂમાડામાં રેડિયોએક્ટિવ કમ્પાઉન્ડ પણ હોય છે જે કેન્સરનું કારણ બની શકે છે. શરીર પર અસર આ ખતરનાક અને ઝેરી તત્ત્વોની અસર સમગ્ર શરીરની સાથે-સાથે મગજની કામગીરીની રીત પર પણ પડે છે. લાંબા સમય સુધી આ ધૂમાડા વચ્ચે રહેનારાઓને ઘાતક સમસ્યાઓ થવાની આશંકા વધી જાય છે. તેના કારણે શ્વાસ લેવા સંબંધી પ્રક્રિયા સાથે જોડાયેલા અંગોની સાથે જ દરેક અંદરના અંગની કામગીરી નષ્ટ થવાની સ્થિતિ પણ સર્જાઇ શકે છે. ધૂમાડા ઉપરાંત તમાકુનું અન્ય રૂપોમાં સેવન કરવાથી પણ ઝેરી પદાર્થોની અસર શરીર અને મગજ પર થાય છે.

## એક મિત્રને બચાવવા જતાં બીજાનું પણ મોતઃ બારડોલીના સરભોણ નજીક બાબલા નહેરમાં ઉધનાના બે યુવક ડૂબ્યા



બારડોલ- સુરત જિલ્લાના બારડોલી તાલુકાના સરભોણ નજીક બાબલા નહેરમાં બે યુવક તણાઈ ગયા હતા, જે પૈકી એક યુવકનો મૃતદેહ બારડોલી ફાયર વિભાગ ટીમને તરત મળી હતો, જયારે બીજા યુવકની કોઇ ભાળ ન મળતાં લાંબી શોધખોળ ચાલી હતી. ૧૫ કલાક બાદ બીજા યુવકનો પણ મૃતદેહ સરભોણ ગામની સીમમાંથી મળ્યો હતો.

આ અંગે મળતી માહિતી અનુસાર, સુરતના ઉધના વિસ્તારમાં આવેલા પાંચ યુવક પટેલ મોહંમદ વજુઉદ્દીન વાજુદિન (ઉં.વ.૨૭, રહે દાઉદનગર, શાંતિનગરની બાજુમાં, ઉધના, સુરત), આકાશ દેવેન્દ્ર પટેલ (ઉં.વ.૨૭, રહે શાંતિનગર, ઉધના, સુરત), કુંજન જયંતીભાઈ પટેપ (ઉં.વ.૩૦, મિલેનિયમ પાર્ક, ડિંડોલી, સુરત), દિશાંત કિશોર સુરતી (ઉં.વ.૨૫, રહે, આર.એન.નાયક ઉધના કોલેજની સામે રણછોડનગર, સુરત) અને લક્કી કૈલાસભાઈ પાટીલ (ઉં.વ.૧૮, હરિનગર, ઉધના સુરત) સરભોણ ખાતે આવ્યા હતા.

આ દરમિયાન મિત્રો પેશાબ કરવા માટે નજીકથી પસાર થતી નહેર કિનારે ગયા હતા. પેશાબ કર્યા બાદ પટેલ મોહંમદ વજુઉદ્દીન નહેરમાં હાથ ધોવા જતાં તેનો પગ લપસી જતાં તે નહેરમાં ખાબક્યો હતો, આથી તેને બચાવવા માટે આકાશ નહેરમાં કૂદતાં બંને જણા પાણીના તેજ પ્રવાહમાં તણાવા લાગ્યા હતા. તેના મિત્રોએ બૂમાબૂમ કરતાં આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને બંનેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, જોકે કોઈનો પત્તો ન લાગતાં બારડોલી ફાયરબ્રિગેડની મદદ લેવામાં આવી હતી.

મોડી સાંજે પટેલ મોહંમદ વજુઉદ્દીનનો મૃતદેહ મળ્યો હતો, જયારે ગત રોજ મોડી સાંજ સુધી આકાશનો કોઈ પત્તો લાગ્યો નહોતો. નહેરમાં પાણી ઓછું કરાવી આજે સવારે ફરીથી બારડોલી ફાયર વિભાગની ટીમે શોધખોળ હાથ ધરી હતી ત્યારે ૧૫ કલાક બાદ આકાશનો મૃતદેહ મળ્યો હતો. સમગ્ર ઘટનાની જાણ સ્થાનિક પોલીસને કરવામાં આવી છે. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જુવાનજોધ દીકરાઓનાં નહેરના પાણીમાં ડૂબી જવાથી મોત થતાં પરિવાર શોકમાં ડૂબી ગયો છે.

## સુરતમાં સરકારી બસનો અકસ્માત, ૧૫ મુસાફરને ઈજાઃ

### દાહોદથી આવતી બસ કામરેજ પાસે રેતી ભરેલા ટ્રક સાથે અથડાઈ; ગંભીર રીતે ઇજાગ્રસ્ત એકને પતરું કાપીને બહાર કાઢ્યો



કામરેજ- સુરતના કામરેજ વિસ્તારમાં નેશનલ હાઇવે ૪૮ પર એક મોટો અકસ્માત સર્જાયો છે. દાહોદથી સુરત આવી રહેલી સરકારી બસ કામરેજ ગામ પાસે સર્વિસ રોડ પર ઉભેલા રેતી ભરેલા ટ્રક ની પાછળ ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્માતમાં બસમાં સવાર ૧૦ થી ૧૫ મુસાફરને સામાન્ય ઈજાઓ થઈ હતી. એક મુસાફર બસમાં ફસાઈ ગયો હતો. કામરેજ ફાયર અને સુરત જિલ્લા ટ્રાફિક પોલીસના PSI ઇશ્વર સિંહ સિસોદીયા સહિતનો સ્થળ પર દોડી ગયેલ સ્ટાફ ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોચી બસનું પતરું કાપીને ફસાયેલા મુસાફરને બહાર કાઢ્યો હતો.

બસમાં અંદાજે ૪૦ મુસાફરો સવાર હતા. તમામ ઘાયલ મુસાફરોને સારવાર માટે સુરત શહેરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે, રેતી ભરેલા ટ્રકમાં પંચર પડતા તે સર્વિસ રોડ પર ઉભો હતો, જેની સાથે બસ અથડાઈ હતી.

## બાળ અધિકાર આયોગની વ્યારા મુલાકાતઃચિલ્ડ્રન હોમમાં ૨૨ બાળકોને ઘર જેવી સુવિધા, સખી વન સ્ટોપમાં ૩૧૬ કેસોની સમીક્ષા



તાપી (વ્યારા)- ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગે વ્યારાના બાળ સંરક્ષણ ગૃહની મુલાકાત લીધી હતી. આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજજરે જણાવ્યું કે, ચિલ્ડ્રન હોમમાં ૨૨ બાળકોને ઘર જેવી સુવિધાઓ મળી રહી છે.

બાળકોને ખાસ અનુરોધ આયોગે બાળકોના આરોગ્ય અને શિક્ષણ માટે તમામ વિભાગોએ શ્રેષ્ઠ કાર્ય કરવાનું સૂચન કર્યું હતું. સેવાભાવી સંસ્થાઓને બાળકોને સમાજની મુખ્યધારામાં લાવવા જવાબદારી નિભાવવા અનુરોધ કર્યો હતો. સખી વન સ્ટોપ સેન્ટરની મુલાકાત આયોગે સખી વન સ્ટોપ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી. ૨૦૨૪-૨૫માં મહિલાઓ અને બાળકોના કુલ ૩૧૬ કેસો નોંધાયા હતા. મોટાભાગના કેસો ઘરેલુ હિંસાના હતા. સખી વન સ્ટોપે કેસોમાં સમાધાન કરાવી સુખદ મેળાપ કરાવ્યો હતો.

આયોગ સચિવ દ્વારા મહત્વનું સૂચન ચિલ્ડ્રન હોમના સંચાલકોએ છોકરીઓ માટે અલગ વ્યવસ્થાની રજૂઆત કરી હતી. આયોગના સચિવ ડો. ડી.ડી કાપડિયાએ બાળકોના પુનર્વસન માટે આઇ.ટી.આઇ કે અન્ય ટેકનીકલ કોર્સ કરાવવા સૂચન કર્યું હતું. આ મુલાકાત દરમિયાન શિક્ષણ અધિકારી, સમાજ સુરક્ષા અધિકારી, અન્ય વિભાગોના અધિકારીઓ અને સખી વન સ્ટોપ સેન્ટરની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## નવું સત્ર શરૂ : શૈક્ષણિક કાર્ય માટે કુલ ૨૪૯ દિવસ રહેશે



બારડોલી- ૯ મી જૂન સોમવારથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થતાં ૩૫ દિવસથી સૂમસામ પડેલી શાળાઓના કેમ્પસ બાળકોના અવાજથી ગૂંજી ઊઠી. બોર્ડ દ્વારા શૈક્ષણિક કેલેન્ડર જાહેર કર્યા મુજબ નવા વર્ષમાં ૨૪૯ દિવસ શૈક્ષણિક કાર્ય કરવામાં આવશે અને આગામી વર્ષે ૨૬ ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા લેવામાં આવશે. સોમવારથી શરૂ થયેલ શિક્ષણ વર્ષના પ્રથમ સત્રમાં ૧૦૫ દિવસનું શિક્ષણ કાર્ય કરાવવામાં આવશે.

બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા શૈક્ષણિક કેલેન્ડર મુજબ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની વર્ષ ૨૦૨૬માં લેવાનારી બોર્ડની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૫ માર્ચ દરમિયાન લેવામાં આવશે. જયારે ધોરણ ૯ અને ધોરણ ૧૧ની શાળાકીય પરીક્ષા તારીખ ૯ એપ્રિલથી ૨૬ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન લેવામાં આવશે.

વર્ષ ૨૦૨૫- ૨૬માં શૈક્ષણિક કાર્ય માટે કુલ ૨૪૯ દિવસ રહેશે તે પૈકી તારીખ ૯ જૂનથી ૧૫ ઓક્ટોબર દરમિયાન ૧૦૫ દિવસનું પ્રથમ શિક્ષણસત્ર રહેશે. ૧૬ ઓક્ટોબરથી ૫ નવેમ્બર દરમિયાન ૨૧ દિવસનું દિવાળી વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. ૬ નવેમ્બર ૨૦૨૫ થી ૧૪૪ દિવસનું દ્વિતીય શિક્ષણક્ષેત્ર શરૂ થશે જે તારીખ ત્રણ મે ૨૦૨૬ સુધી ચાલશે અને ત્યારબાદ આગામી વર્ષ ૨૦૨૬માં તારીખ ૪ મેથી ૭ જૂન દરમિયાન ૩૫ દિવસનું ઉનાળો વેકેશન રહેશે.

## વાપીના છીરીમાં લેબર કોન્ટ્રાક્ટરના ફ્લેટમાંથી ૧૪ કિલો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો

વાપીના છીરી રણછોડનગરમાં આવેલા ફ્લેટમાં પોલીસે છાપો મારી ૧૪.૨૬૯ કિ.ગ્રા. ગાંજો જપ્ત કર્યો હતો. પોલીસે આરોપી લેબર કોન્ટ્રાકટરની ધરપકડ કરી જથ્થો આપનાર શખ્સને વોન્ટેડ જાહેર કર્યો છે. નાની નાની પડીકી બનાવી કોન્ટ્રાક્ટમાં કામ કરતા મજૂરો અને લોકોને વેચાણ કરતો હતો. પી.આઇ.એસ.પી. ગોહિલ અને ટીમે મળેલી બાતમીના આધારે આજે રવિવારે મળસ્કે છીરીના રણછોડનગરમાં આવેલા આશા એપાર્ટમેન્ટમાં ફ્લેટ નં. ૨૦૨ માં રહેતા લેબર કોન્ટ્રાકટર અમરેશ ગણેશ પ્રસાદ સિંગને ત્યાં છાપો માર્યો હતો. પોલીસે છાપા દરમિયાન ફ્લેટમાં સઘન તપાસ કરતા સફેદ પાવડર ભરેલી પ્લાસ્ટિકની કોથળી મળી હતી. પોલીસે એફએસએલની મદદથી હાથ ધરેલા પરિક્ષણ દરમિયાન ગાંજા હોવાનું તારણ બહાર આવ્યું હતું. પોલીસે ૧૪.૨૬૭ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો, રોકડા રૂ.૯૬૦૦, વજનકાંટો, મોબાઇલ મળી કુલ રૂ.૧.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●


સંપર્ક- અનિલભાઈ મો.97242 60058



સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
www.gujarataatmiyata.in

ATMIYA
PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808

ખેતીલાયક જમીન. ફાર્મ હાઉસ.
દુકાન પ્લોટ ફ્લેટ. રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે.
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....
શાસ્ત્રી રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT
Date-11/06/2025 Wednesday

# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે Shree Hari Group – SHG, GPCB અને SMC દ્વારા સંયુક્ત જાગૃતિ અભિયાન






વિશ્વ પર્યાવરણ દિવસ (૫ જૂન) ના અવસરે Shree Hari Group – SHG, GPCB ડો. જીગ્નાશાબેન ઓઝા, GPCB RO સુરત તથા તથા સુરત મહાનગર પાલિકા ના સહયોગથી એક વિશેષ દિવાલ ચિત્ર અભિયાનનું આયોજન કર્યુંહતું. આ અભિયાનનો મુખ્ય હેતુ નાગરિકોમાં પર્યાવરણ અંગે જાગૃતિ ફેલાવવાનો અને 'પ્લાસ્ટિક પ્રદૂષણને દૂર કરો' થીમ હેઠળ સ્વચ્છ અને હરિયાળું શહેર બનાવવા માટેના સંકલ્પને મજબૂત બનાવવાનો હતો.

અભિયાન અંતર્ગત, શહેરના પસંદગીના જાહેર સ્થળોની દિવાલોને રંગીન, પ્રેરણાદાયક અને જાગૃતિથી ભરપુર ચિત્રોથી શણગારવામાં આવી, જેમાં વૃક્ષારોપણ, પ્લાસ્ટિકથી દૂર રહેવું અને પ્રકૃતિની રક્ષા કરવા જેવા સંદેશો દર્શાવવામાં આવ્યા.

આ સામાજિક પહેલમાં Shree Hari Group ના તમામ વિભાગોના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તેમના સમર્પણ અને સર્જનાત્મક યોગદાન દ્વારા ન માત્ર દિવાલો રંગોથી જીવંત થઈ ઉઠી, પણ પર્યાવરણ સંરક્ષણનો સંદેશ લોકોના હૃદય સુધી પહોચ્યો.

Shree Hari Group – SHG ના સ્થાપક અને ચેરમેન શ્રી રાકેશભાઈ એચ. દુધાત, મેનેજિંગ ડિરેક્ટર શ્રી હિરેનભાઈ એચ. દુધાતે આ પ્રસંગે મળીને જણાવ્યું:

પર્યાવરણનું રક્ષણ કરવું માત્ર સરકારની નહિ, આપણાં બધાંની સહભાગી જવાબદારી છે. આવા સર્જનાત્મક અભિયાનો સમાજમાં હકારાત્મક પરિવર્તન લાવવાની પ્રેરણા આપે છે. એક નાનું પગલું જેમ કે એક છોડ વાવવું કે પ્લાસ્ટિક ટાળવું મોટા પરિવર્તનની શરૂઆત બની શકે છે. Shree Hari Group – SHGના તકનીકી ડિરેક્ટર શ્રી શુભમ કે. વાડદોરિયાએ વધુમાં જણાવ્યું કે Shree Hari Group પોતાના ઓફિસો અને પ્રોજેક્ટોમાં પણ સતત ઇન્ડસ્ટ્રીયલ, રેસીડેન્સીયલ, કોમર્શીયલ વિસ્તારથી ઉત્પન્ન થતા જોખમી રસાયણિક કેમિકલ્સ તથા પ્રદુષિત પાણીના ટ્રીટમેન્ટ માટેના પ્લાન્ટ, પ્લાસ્ટિક મુક્ત વાતાવરણ, વૃક્ષારોપણ, ઊર્જા બચત અને ઘન કચરા વ્યવસ્થાપન જેવી પર્યાવરણીય પ્રવૃત્તિઓને સતત આગળ વધારીને આપણી ધરતીને પ્રદુષણમુક્ત કરવામાં આવશે.

# ગંગા સમગ્ર તાપી પ્રાંતની તા. ૨૯ જૂન ૨૦૨૫ રવિવારના સૂચિત 'સન્માન સમારંભ' કાર્યક્રમ માટે આયોજનની મિટિંગ તા. ૦૮ જૂન ૨૦૨૫ રવિવાર સિનિયર સિટીઝન હોલ રંગ ઉપવન સોનગઢ ખાતે સંપન્ન થઈ






આગામી ૨૯ જૂનના રોજ ગંગા સમગ્ર તાપી પ્રાંત દ્વારા તાપી જિલ્લાના પર્યાવરણ, શિક્ષણ, આરોગ્ય, પ્રાકૃતિક ખેતી, પ્લાસ્ટિક અવેરનેસ, જળ સંચય જેવા વિષયલક્ષી નિઃ સ્વાર્થ સેવાપ્રવૃતી કરનાર મહાનુભાવો ના સન્માન સમારંભ હેતુ વિસ્તૃત ચર્ચા વિચારણા કરવાની આયોજનની મિટિંગમાં ૧૭ જેટલાં પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ગંગા સમગ્ર તાપી પ્રાંતના પ્રતિનિધિઓની સકારાત્મક સંકલનમાં ચર્ચા વિચારણા બાદ કાર્યક્રમની રૂપરેખા, કાર્યક્રમ નું સ્થળ, થનાર ખર્ચ, ભંડોળ એકત્રીકરણ, સાહિત્ય વ્યવસ્થા, આમંત્રિત મહેમાનોની યાદી સાથે જ કાર્યક્રમને આખરી ઓપ આપી કાર્યક્રમ સફળ બનાવવા વગેરે વિષયો પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી.

# શ્રી ખેડૂત સહકારી જીનિંગ એન્ડ પ્રેસિંગ સોસાયટી, બાબેન. સંસ્થાની ૯૨ મી વાર્ષિક સાધારણ સભા મળી






**બારડોલી :-** શ્રી ખેડૂત સહકારી જીનિંગ એન્ડ પ્રેસિંગ સોસાયટી, બાબેન. સંસ્થાની ૯૨ મી વાર્ષિક સાધારણ સભા મળી. મુખ્ય અતિથિ તરીકે દક્ષિણ ગુજરાતના સહકારી ક્ષેત્રના વરિષ્ઠ આગેવાન ભીખાભાઈ ઝવેરભાઈ પટેલ સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંકના પ્રમુખ નરેશભાઈ પટેલ તથા બારડોલી સુગર ફેક્ટરી ના ઉપપ્રમુખ અને સુરત જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભાવેશભાઈ પટેલ તથા ખેડૂત સહકારી જીનીંગ એન્ડ પ્રેસિંગ સોસાયટી ના પ્રમુખ કશ્યપભાઈ જગદીશભાઈ પટેલ ઉપપ્રમુખ વિપુલભાઈ જયંતીભાઈ ડિરેક્ટર પટેલ મનીષકુમાર સુરેશચંદ્ર પટેલ ડિરેક્ટર કિરીટભાઈ મગનલાલ પટેલ વગેરે સંસ્થાના ડિરેક્ટર અને સભાસદ ઉપસ્થિત રહ્યા.

## ભુપેન્દ્રસિંહ સોલંકી દ્વારા નફા નુકસાન અંગેના હિસાબી એજન્ડા ની સચોટ સમજણ સભાસદોને આપવામાં આવી હતી.

જેમાં સંસ્થાના મેનેજર ભુપેન્દ્રસિંહ સોલંકી દ્વારા નફા નુકસાન અંગેના હિસાબી એજન્ડા ની સચોટ સમજણ સભાસદોને આપવામાં આવી હતી. તેમજ જાગૃત ખેડૂત સભાસદ આગેવાનો દ્વારા સંસ્થાના કમિટી સભ્ય સામે ડાંગરના વહીવટ અંગે રજૂઆત કરવામાં આવી હતી તેમજ સંસ્થાના વર્ષો જુના સભાસદ ના લેણા બાકી હોય. જેને વસૂલાત કરવા મુદ્દા પર ચર્ચા કરવામાં આવી આખરે સંસ્થાનો અહેવાલ રજુ કરેલો સરવૈયા હિસાબ નફાની વહેંચણી સંસ્થાના સભાસદોએ બહાલ માન્ય રાખી સાધારણ સભા પૂર્ણ કરવામાં આવી હતી.

# શ્રી બારડોલી પ્રદેશ રબારી સમાજ દ્વારા ઇનામ વિતરણ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો






**બારડોલી-** શ્રી બારડોલી પ્રદેશ રબારી સમાજ દ્વારા ઇનામ વિતરણ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો જેમાં. દુધરેજ થી પધારે મહંત ભગવતી દાસ બાપુ ભા.જ.પા. ના મહુવા તાલુકા પ્રમુખ ભાવિનભાઈ નાયક તેમજ રબારી સમાજના આગેવાનો મોટી સંખ્યામાં સમાજના યુવાનો અને બહેનો હાજર રહ્યા અનેક વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરાયું હતું બારડોલી રબારી સમાજના પ્રમુખે સમાજના આગેવાનો અને યુવાઉપસ્થ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા બાબતે આભાર વ્યક્ત કરી અભિવાદન કર્યા હતા.

## આગામી દિવસોમાં તાપી જિલ્લામાં યોજનાર ચૂંટણીની પૂર્વતૈયારીના ભાગરૂપે સમીક્ષા બેઠક યોજાઈ

**તાપી-**આગામી દિવસોમાં યોજનાર ગ્રામ પંચાયતની સામાન્ય/પેટા ચૂંટણીની પૂર્વતૈયારીની સમીક્ષાના ભાગરૂપે ચુંટણીલક્ષી કામગીરીના નિયંત્રણ દેખરેખ અને માર્ગદર્શન માટે નોડલ અધિકારીશ્રીઓની નિમંણુક કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને આજે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે અધિક જિલ્લા ચુંટણી અધિકારી શ્રી આર. આર. બોરડની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક મળી હતી. આ બેઠકમાં ચૂંટણીની કામગીરીમાં સંકળાયેલા તંત્રના અમલીકરણ અધિકારીશ્રી અને નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાંદિપની વિદ્યાલયમાં આરંભ થયેલું શાળાનું પ્રથમ સત્ર



દેરોડ રોડ કામરેજ માં આવેલી સાંદિપની વિદ્યાલયમાં શાળાના પ્રથમ સત્રની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સ્વાગત પ્રવચન થી થઈ.

આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી શ્રી ડોક્ટર ભરતભાઈ કલસરિયા તથા જીતુભાઈ કલસરિયા ખાસ ઉપસ્થિત થયા હતા. વિદ્યાર્થીઓને તિલક અને મીઠું મોઢું કરાવી વર્ગખંડની અંદર પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન શાળા ના શિક્ષક ભાઈ બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# દરરોજ ૫૦૦૦ ડગલાં ચાલો અને મેદસ્વિતાથી મુક્તિ મેળવો

## નિયમિત ચાલવાથી મેળવો આરોગ્ય અને ઉર્જા



આજના ઝડપી જીવનશૈલીમાં તણાવ, અનિયમિત જીવનશૈલી અને કામના વધતા ભારણ વચ્ચે મેદસ્વીપણું એક સામાન્ય સમસ્યા બની છે. પણ હવે આ સમસ્યાથી મુક્તિ મેળવવી ખુબ જ સરળ છે. તંદુરસ્ત જીવનશૈલી માટે દરરોજ માત્ર ૫,૦૦૦ ડગલાં ચાલવાની ટેવ શરીર માટે ઘણાં ફાયદાકારક સાબિત થાય છે.

દરરોજ ૫,૦૦૦ ડગલાં ચાલવાથી શરીરમાં ૧૫૦ થી ૨૦૦ કેલરી બર્ન થાય છે અને નિયમિત ચાલવાથી મેટાબોલિઝમ ઝડપી બને છે, જે ચરબી વધવાને અટકાવે છે. સતત ચાલવાની આદત માનસિક સ્વાસ્થ્ય માટે પણ લાભદાયક છે. તણાવ ઓછો, ઊંઘ સારી આવવા ઉપરાંત હૃદયસંદર્ભી સમસ્યાઓનો દર પણ ઘટે છે.

મોંઘા જીમ કે ખાસ ડાયટ પ્લાનની જરૂર વગર, સામાન્ય જીવનમાં નાના પરિવર્તન કરીને પણ વ્યક્તિ તંદુરસ્ત રહી શકે છે. લિફ્ટની જગ્યાએ સીડીઓનો ઉપયોગ, નજીકના સ્થળે ચાલીને જવાનું અને સવાર-સાંજ થોડી મિનિટે ચાલવાની ટેવ પણ મોટી અસર કરે છે. તાપી આરોગ્ય વિભાગે તમામ નાગરિકોને અનુરોધ કર્યો છે કે, તંદુરસ્ત જીવન માટે દરરોજ ૫,૦૦૦ ડગલાં ચાલવાની શરૂઆત કરે અને સ્માર્ટ ફોન એપ્લિકેશન અથવા સ્માર્ટ વોચથી ડગલાં ગણતરી કરીને પોતાનું લક્ષ્ય હાંસલ કરી શકે છે

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે. આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).